ગુજરાત રાજ્યના એન્ટરટેઈમેન્ટ ટેક્સ કમિશનર ધીરજ કાકડિયાએ કહ્યું...

# મીડિયા-મનોરંજન ક્ષેત્ર 2020માં 40 લાખને રોજગારી આપતું હશે

## GNLUમાં લો ઓફ બિઝનેસ એન્ડ એન્ટરટેઈમેન્ટ કોર્સ શરૂ

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી દ્વારા 'લો ઓફ બિઝનેસ એન્ડ એન્ટરટેઈમેન્ટ'નો સર્ટીફિકેટ કોર્સ લોંચ કર્યો છે. જીએનએલયુ ખાતે કોર્સના લોન્ચિંગ પ્રસંગે ગુજરાત રાજ્યના એન્ટરટેઈમેન્ટ ટેક્સ કમિશનર ધીરજ કાકડિયા અને GNLUના ડિરેક્ટર બીમલ પટેલ હાજર રહ્યાં હતા. ધીરજ કાકડિયાએ કહ્યું હતું કે, 'જે રીતે મીડિયા અને મનોરંજન ક્ષેત્રે રેવન્યુ વધી રહી છે અને માર્કેટ વધારે વિસ્તાર પામી રહ્યું છે. તે જોતા આ ક્ષેત્રેમાં રોજગારીની તકો વધશે. જેના કારણે મીડિયા અને એન્ટરટેઈમેન્ટ ઈન્ડસ્ટ્રીઝમાંથી જ વધુ 5 લાખ લોકોને રોજગારી મળશે. હાલ આ ક્ષેત્રે દેશમાં 35 લાખ લોકોને રોજગારી મળે છે, જે આંકડો 2020 સુધીમાં 40 લાખ પહોંચશે. જેમાં મીડિયા અને મનોરંજનના લૉ સમજનારા વ્યકિતઓની પણ માંગ વધશે.'

### મીડિયા-મનોરંજન સેક્ટર ફાસ્ટ ગ્રો કરે છે

ધીરજ કાકડિયા, એન્ટરટેઈમેન્ટ ટેક્સ કમિશનર



દેશમાં સૌથી ફાસ્ટ ગ્રો કરી રહેલા સેક્ટર્સમાં મીડિયા અને મનોરંજન સેક્ટર છે. ઈન્ડિયન મીડિયા એન્ડ એન્ટરટેઈમેન્ટ ઈન્ડસ્ટ્રીઝનો 2011થી 2017 વચ્ચે એન્યુઅલ ગ્રોથ રેટ 12.25 ટકા રહ્યો હતો. જે 2016ના 1,308 અબજ માર્કેટ સાથે 2020માં 11.6ના ગ્રોથ રેટ સાથે 2032 અબજે પહોંચી જશે.

Scanned by CamScanner